ભાવનગર આવૃત્તિ 8

તા. ૧૯-૧૧-૨૦૨૫, બુધવાર

LEELA NEWS NETWORK P. LTD

સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર

બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન : (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫

ભાજપ દ્વારા તડામાર તૈયારી, નારી ચોકડી ખાતે અભિવાદન સમારોહ -જાહેરસભાનું આયોજન

કાલે અમિત શાહ ભાવનગરમાં, રાષ્ટ્રીય સ્તરની સુરક્ષા ટુકડીઓનું આગમન

જિલ્લા ભાજપ કાર્યાલયનું ઉદ્‌ઘાટન અને પ્રદેશ અધ્યક્ષનો અભિવાદન સમારોહ

તસવીર : ધવલ વાજા



ભાવનગર,તા.૧૯

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આવતીકાલે ભાવનગર આવી રહ્યા છે જેના આગમનને લઈ ભાજપ સંગઠન દ્વારા તડામાર તૈયારીઓ ચાલી રહી છે. બીજી બાજુ સુરક્ષા વ્યવસ્થાને લઈને પણ રાષ્ટ્રીય સ્તરની સુરક્ષા ટુકડી ભાવનગર આવી પહોચી હોવાનું સુત્રો દ્વારા જાણવા મળ્યુ છે. પોલીસ દ્વારા પણ ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા ગોઠવાશે. ભાવનગરમાં વરતેજ ખાતા નાના ખોડીયાર મંદિર નજીક જિલ્લા ભાજપનું નવનિર્માણ પામેલ કાર્યાલયનું ઉદ્‌ઘાટન ગૃહમંત્રી અમિત શાહના હસ્તે થશે આ ઉપરાંત તેમની ઉપસ્થિતીમાં ભાજપના નવનિયુક્ત પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માનો અભિવાદન સમારોહ પણ આયોજીત થયો છે.

આવતીકાલના કાર્યક્રમ સંદર્ભે ભાજપ સંગઠન દ્વારા તડામાર તૈયારી હાથ ધરાઈ છે. નારી ચોકડી ખાતે વિશાળ સમિયાણો ઉભો કરવામાં આવી રહ્યો છે. બપોરે બે વાગ્યાથી અહિ કાર્યક્રમ શરૂ થશે. આ સાથે જાહેરસભા પણ થનાર છે. વિશાળ ડોમમાં ૨૫ હજારની બેઠક વ્યવસ્થા હોવાનું જાણવા મળ્યુ છે કાર્યક્રમમાં આવનાર લોકો માટે સભા સ્થળથી દુર બે સ્થળોએ અલાયદી પાર્કીંગ વ્યવસ્થા રાખવામાં આવી છે. સૌ પ્રથમ જિલ્લા ભાજપ કાર્યાલય 'ભાવ કમલમ'નું ઉદ્‌ઘાટન બાદમાં સભા સ્થળે ખુલ્લી જીપમાં સવાર થઈ કેન્દ્રીય ગૃહમંત્રી, પ્રદેશ અધ્યક્ષ સહિતના નેતાઓ અભિવાદન જીલશે અને સ્ટેજ પર પહોચશે.

કેન્દ્રીય કેબિનેટ મંત્રી ડો. મનસુખભાઈ માંડવીયા, કેન્દ્રીય રાજયમંત્રી નિમુબેન બાંભણીયા, રાજયમંત્રી પરષોત્તમભાઈ સોલંકી, રાજય કેબીનેટ મંત્રી જીતુભાઈ વાઘાણી તથા ભાવનગર અને બોટાદ જિલ્લાના ધારાસભ્યો, પદાધિકારીઓ, સંગઠન તથા બુથ લેવલના પ્રમુખ અને કાર્યકરો આ સમારોહમાં ઉપસ્થિત રહેનાર છે. કેન્દ્રીય ગૃહમંત્રી અને પ્રદેશ અધ્યક્ષના કાર્યક્રમ સંદર્ભે ભાજપ સંગઠન અને કાર્યકરોમાં ઉમંગ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. શહેરના શાસ્ત્રીનગરથી કાર્યક્રમ સ્થળ સુધી કટઆઉટ અને બેનરો લગાવી કેસરીયો માહોલ ઉભો કરાયો છે.

અમારી બસનો સમય કેમ બગાડો છો?,કહી ડ્રાઈવરને ઢીબી નાખ્યો

ભાવનગર માર્કેટિંગ યાર્ડ પાસે ખાનગી બસના ડ્રાઈવરને બીજી બસના સંચાલકે માર માર્યાની ફરિયાદ

ભાવનગર, તા. ૧૯

ભાવનગર માર્કેટિંગયાર્ડના ગેટ પાસેથી ખાનગી બસ લઈને નીકળેલા ડ્રાઈવરને બસ અટકાવી બીજી બસના ડ્રાઈવર તથા તેના મળતીયાઓએ અમારી બસનો સમય કેમ બગાડો છો? તેમ કહી ઢીકા પાટુ તથા લાકડીનો માર મારી ધમકી આપ્યાની ફરિયાદ બોરતળાવ પોલીસ મથકમાં નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

બનાવ અંગે પ્રાપ્ત વિગતો મુજબ ગઢડા તાલુકાના ગઢાળી ગામે રહેતા અને કાજલ ટ્રાવેલ્સમાં ડ્રાઈવિંગ કામ કરતા વિજયસિંહ બળવંતસિંહ ગોહિલ ઉ.વ. ૪૬ વાળાએ બોટાદ પોલીસ તાપમાન છત્રપાલસિંહ ઉર્ફે સતુભા સરવૈયા રહે.કર્મચારીનગર, ફુલસાર ભાવનગર વાળા સહિત ચાર વ્યક્તિઓ સામે પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવેલ કે તેઓ બપોરના સમયે ભાવનગર આખલોલ જકાતનાકા, માર્કેટિંગ યાર્ડના ગેટ પાસે બસ લઈને પહોંચતા તે વખતે ખોડલરાજ ટ્રાવેલ્સ વાળા ઘનશ્યામસિંહ નો દીકરો છત્રપાલસિંહ ઉર્ફે સતુભા સરવૈયા ત્યાં રોડ ઉપર લાકડી લઈને ઉભો હોય અને તેથી મેં મારી બસ ઉભી રાખેલ હતી તે દરમિયાન તે મને ગાળો આપવા લાગેલ અને મારો કાટલો પકડી બસમાંથી નીચે ઉતારી દીધેલ દરમિયાન તેના ત્રણ મિત્રો આવી જઈ મને ધિક પાટુ અને લાકડીનો માર મારવા લાગેલ આથી લોકોના ટોળા એકઠા થઈ જતા તેઓ ત્યાંથી જતા રહેલ અને જતા જતાં ધમકી આપેલ કે તું હવે અમારી બસનો ટાઈમ બગાડીશું તો જાનથી મારી નાખીશ તેવી ધમકી પણ આપેલ આ દરમિયાન તેમને ૧૦૮ મારફત સારવાર માટે સરકારી હોસ્પિટલ ખસેડાયેલ. બોરતળાવ પોલીસે છત્રપાલસિંહ ઉર્ફે સતુભા સરવૈયા સામે બીએનએસની કલમ ૧૧૫(૨), ૩૫૧, ૩૫૨, ૫૪ તથા જીપીએ ૧૩૫ મુજબ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ભાવનગર નાગરિક બેંકના ડિરેકટર સામે લોન કૌભાંડનો પૂર્વ ડિરેકટરનો આક્ષેપ

ભાજપ શાસિત ભાવનગર નાગરિક સહકારી બેંકના ડિરેકટર સામે ગંભીર આક્ષેપો પાછળ રાજકારણ કે બીજુ કાઈ ?

ભાવનગર,તા.૧૯

ભાવનગર નાગરિક સહકારી બેંકના ભાજપ પાખના એક ડિરેકટર સામે તેની લોન કૌભાંડમાં સંડોવણી હોવાનો આક્ષેપ પૂર્વ ડિરેકટરે કર્યો છે. આમ તો આ પ્રકરણ જુનુ છે પરંતુ હવે રહી રહીને તેને ઉજાગર કરવા પ્રયાસ થયો હોવાનું ચર્ચાઈ રહ્યુ છે. જો કે આક્ષેપ કરનારે પુરાવાની રાહ હોવાનું કારણ આગળ ધર્યુ છે. બીજી બાજુ આ આક્ષેપો પાછળ આંતરિક રાજકારણ જવાબદાર હોવાની ચર્ચા પણ વહેતી થઈ છે.કોંગ્રેસના મહિલા અગ્રણી અને નાગરિક બેંકના પૂર્વ ડિરેકટર દર્શનાબેન જોષીએ ભાજપ શાસિત નાગરિક બેંકના વર્તમાન ડિરેકટર મિહીર શાહ અને તેમના પત્ની સહિત કેટલાક લોકો પર આક્ષેપ કરી અને બેંક ઓફ બરોડાના લોન કૌભાંડમાં તેની ભૂમિકા મુખ્ય હોવાનું જણાવ્યુ છે. તેમણે ઉમેર્યું હતું કે એક બેંકમાં મસ મોટું કૌભાંડ કરનાર વ્યક્તિ બીજી કોઈ બેંકમાં ડિરેકટર પદે કઈ રીતે રહી શકે. મિહીર શાહ અને પરિવારના સભ્ય તથા અન્ય લોકોએ મળીને કરેલું લોન કૌભાડ પોલીસ રેકોર્ડમાં છે જ ત્યારે તેમણે ઉચ્ચ કક્ષાએથી તપાસની માંગ કરી છે. જો કે બીજી બાજુ દર્શનાબેન હાલમાં ઉઠાવેલ મુદ્દા પાછળ રાજકારણ હોવાનું કહેવાય છે, હાલાકી વર્તમાન ડિરેકટર મિહીર શાહનો ટેલીફોન સંપર્ક થઈ શક્યો નથી.

"મમ્મી ક્યાં ગઈ તેનો જવાબ ન આપવો પડે તે માટે સંતાનોને મોતને ઘાટ ઉતાર્યા" : શાતિર શૈલેષની કેફીયત

વાર્તા અને કહાની કરવા ટેવાયેલો શૈલેષ અલગ અલગ વાતો કહી રહ્યો છે, જો કે પોલીસ તેના પર વિશ્વાસ કરતા પહેલા ૧૦૦ વખત વિચારી રહી છે : હાલ વિવિધ દ્રષ્ટિકોણથી તપાસનો ધમધમાટ-શંકાના આધારે એક યુવતીની પણ પોલીસ સ્ટેશને લાવીને કરાઈ કડક પુછતાછ

ભાવનગર,તા.૧૯

પિતા અને સંતાનોના સંબંધને પણ શર્મશાર કરે તેવી ભાવનગરની ત્રિપલ હત્યા કેસમાં હત્યારો ફોરેસ્ટ ઓફિસર પોલીસ રિમાન્ડમાં છે. સમગ્ર ઘટના કઈ રીતે ઘટી, અન્ય કોઈ સામેલ છે કે કેમ તે સહિતની હકિકતો ઉલેચવા પોલીસ મથામણ કરી રહી છે. દરમિયાનમાં આ ચકચારી બનાવમાં અનેક નવીન વિગતો પણ સામે આવી રહી છે. પોલીસ સુત્રોથી પ્રાપ્ત વિગતો મુજબ પાંચમી નવેમ્બરની સવારે હત્યારા શૈલેષ ખાંભલાએ તેમની પત્નીને મોતને ઘાટ ઉતારી દિધી હતી. હત્યા બાદ શૈલેષ ઘડીભર સુન્ન થઈ ગયો હતો. સંતાનો જાગીને મમ્મી ક્યાં ગઈ તેવું પુછશે તો શુ જવાબ આપવો તેની મુંજવણમાં મુકાયો હતો. શૈલેષ પર હેવાનીયત સવાર થઈ ગઈ હોય તેણે સંતાનોને જવાબ જ ન આપવો પડે તે માટે થઈને બંન્ને બાળકોને પણ મોતને ઘાટ ઉતારી દીધા હતા. આવી કેફિયત શૈલેષ પોલીસને જણાવી રહ્યો છે. જો કે પહેલેથી જ પોલીસને અવળા માર્ગે ચડાવનાર શૈલેષ શાતિર દિમાગનો છે અને હવે તેની કોઈ વાત પર વિશ્વાસ કરતા પહેલા પોલીસ પણ સૌ વખત વિચાર કરે છે. પોલીસ અન્ય વિવિધ દ્રષ્ટિકોણથી આ કેસમાં તપાસ આગળ ધપાવી રહી છે.

પત્ની સહિત સંતાનોને મોતને ઘાટ ઉતારવા પાછળ એવું તે ક્યું કારણ હતું તે અંગે તપાસમાં હજુ ચોક્કસ વિગતો સામે આવી નથી પરંતુ હાલ શૈલેષ પોલીસને અલગ અલગ કહાનીઓ કહી રહ્યો છે. દરમિયાન પોલીસે ટેકનીકલ એનાલીસીસના આધારે પણ તપાસનો દૌર આગળ ધપાવ્યો છે. વધુમાં શૈલેષના ચારિત્ર અંગે પણ શંકા રહેલી છે. આ સંદર્ભમાં પોલીસે બહાર ગામની એક યુવતીને પોલીસ મથકે લાવી અને પુછતાછ કરી હોવાનું પણ સુત્રો જણાવી રહ્યા છે. હાલાકી હજુ સુધી અન્ય કોઈની સિધી સંડોવણી ખુલ્લી નથી પંરતુ પોલીસને આ અંગે શંકા છે અને બારીકાઈથી તપાસ આગળ ધપાવામાં આવી રહી છે. ઉલ્લેખનીય છે કે શૈલેષે પોતાની પત્નીના નામે પોલીસને જે ડ્રાફ્ટ મેસેજનો સ્કીનશોટ આપ્યો તેમાં તેણે જાણી જોઈને પત્નીના ચારિત્ર સામે કાદવ ઉછાળવા પ્રયાસ કર્યો હતો. જેની પાછળનું એક કારણ એવું પણ માની શકાય કે શૈલેષ પોતાના કારનામા છુપાવવા પ્રયાસ કરી રહ્યો હોય.

સંતાનો અંગે શૈલેષને કોઈ આશંકા ન હતી

શૈલેષે પોતાના પત્નીના ચારિત્ર સામે કાદવ ઉછાળવા પ્રયાસ કર્યો હતો પંરતુ તે ખુલ્લો પડી ગયો છે. આથી શૈલેષને સંતાનો અંગે કોઈ શંકા હોવા અંગે પણ પોલીસે પુછતાછ કરી છે પરંતુ શૈલેષે પોતાના જ હોવાનું સ્વિકાર્યું છે અને તેણે ગભરાઈ જઈને પોતાના સંતાનોને મોતને ઘાટ ઉતાર્યાનું કથન કરી રહ્યો છે.

હત્યારો રસાયણ શાસ્ત્રનો વિદ્યાર્થી છે, ખાડામાંથી મૃતદેહો સાથે કેમિકલની ખાલી બોટલ મળી આવતા રહસ્ય ઘેરાયું

હત્યારાએ પત્ની અને સંતાનો મોતને ઘાટ ઉતાર્યા બાદ અગાઉથી ખોદાવી રાખેલા ખાડામાં તેને દાટી દીધા હતા. પોલીસે જ્યારે ખાડો ઉલેચ્યો ત્યારે ત્રણેય મૃતદેહો સાથે લાકડાનો દરવાજો, ગાદલુ અને મૃતદેહો સાથે પથ્થરો બાંધેલા જોવા મળ્યા હતા. ઉપરાંત એક અચરજ પમાડે તેવી વસ્તુમાં લાલ કલરની પ્રવાહીની ખાલી બોટલ પણ મળી છે. જે કોઈ કેમીકલ હોવાની પણ શંકા રહેલી છે. પોલીસની તપાસમાં જાણવા મળ્યુ છે કે હત્યારો શૈલેષ બીએસસી વીથ કેમેસ્ટ્રી થયેલો છે આમ તે રસાયણ શાસ્ત્રનો વિદ્યાર્થી રહી ચુક્યો છે. ત્યારે હત્યાના ગુન્હામાં કોઈ કેમીકલનો ઉપયોગ કરીને અગાઉથી જ બેભાન કરી દઈ બાદમાં મૃતદેહો દાટ્યા છે કે કેમ તે સહિતની શંકા ઉદભવી છે અને આ દિશામાં પોલીસ તપાસ કરી રહી છે. પીએમ રીપોર્ટમાં શ્વાસ રુંધાયાનું પ્રાથમિક માહિતી સામે આવી છે. પરંતુ એફએસએલની તપાસમાં વધુ રહસ્યો ખુલ્લે તેવી સંભાવના પણ પોલીસ જોઈ રહી છે !

હત્યારા શૈલેષને ફાંસી આપવાની માંગ પ્રબળ બની, સુરતમાં રબારી સમાજની કેન્ડલ માર્ચ

હત્યારા ફોરેસ્ટ અધિકારીને ફાંસીની માગ સાથે સુરતમાં કેન્ડલ માર્ચ, લોકોએ "ખાટકી શૈલેષ ખાંભલાને ફાંસી આપો" તેવા બેનર દર્શાવ્યા : મહિલાઓ પણ મોટી સંખ્યામાં જોડાઈ, ઝડપી અને ઉચિત ન્યાયની સરકાર પાસે માંગ કરવામાં આવી

ભાવનગર,તા.૧૯

ભાવનગરમાં પત્ની, પુત્રી-પુત્રને તકિયાથી મોઢું દબાવી એક પછી એક ત્રણને મોતને ઘાટ ઉતારનાર છઝ્રછ શૈલેષ ખાંભલાને ભાવનગર પોલીસ ઝડપી લીધો છે. ત્યારે શૈલેષ ખાંભલાને ફાંસીની સજા કરવાની માગ ઉઠી રહી છે, ગઈકાલે આરોપીને કોર્ટમાં રજૂ કરાયો ત્યારે સુત્રોચ્ચાર કરી રબારી સમાજના આગેવાને સમગ્ર સમાજ વતી આરોપી હત્યારાને ફાંસી આપવા માંગ ઉચ્ચારી હતી. બીજી બાજુ ગત સાંજે સુરતમાં રબારી સમાજની કેન્ડલ માર્ચ યોજાઈ હતી. જેમાં 'ખાટકી શૈલેષ ખાંભલાને ફાંસી આપો' ના બેનર સાથે મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા.

ભાવનગર ખાતે બનેલી હૃદય કંપાવનારી ટ્રિપલ મર્ડરની ઘટનામાં મૃત્યુ પામેલા નયનાબેન અને તેમના બે માસૂમ બાળકોને શ્રદ્ધાંજલિ આપવા તથા આરોપીને સખતમાં સખત અને ત્વરિત ફાંસીની સજા થાય તે માટે સુરત રબારી સમાજ દ્વારા એક વિશાળ કેન્ડલ માર્ચનું આયોજન કરવામાં આવ્યું હતું.

ભાવનગરની ઘટનાએ સમગ્ર રાજ્યને હચમચાવી દીધું છે, ત્યારે ન્યાયની માગ સાથે સુરત રબારી સમાજ એક જૂથ થયો હતો. સુરતમાં કાપોદ્રા વડવાળા સોસાયટીની વાડી ખાતે ત્રણ નિર્દોષ જીવોની આત્માની શાંતિ માટે શ્રદ્ધાંજલિ અર્પણ કરાઈ હતી. ત્યારબાદ કાપોદ્રા વડવાળા સોસાયટીની વાડીથી કેન્ડલ માર્ચ યોજાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં સમાજના અગ્રણીઓ, યુવાનો અને બહેનો આ કેન્ડલ માર્ચમાં જોડાયા હતા. સૌએ હાથમાં સળગતી મીણબત્તીઓ લઈને મૌન રહીને મૃતકોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી અને શોક વ્યક્ત કર્યો હતો. જે લોકો પાસે કેન્ડલ ન હતી તેઓએ પોતાના મોબાઈલની ટોર્ચ લાઈટ ચાલુ કરી જોડાયા હતા.

સમાજના લોકો દ્વારા માગ કરવામાં આવી હતી કે, આ પ્રકારના જઘન્ય કૃત્યો સમાજમાં કોઈ અન્ય વ્યક્તિ ન કરે તે માટે આરોપીને દાખલારૂપ સજા થવી જોઈએ. સમાજ તરીકે અમે મૃતકોના પરિવારની સાથે છીએ અને સરકાર પાસે અમારી એક જ માગ છે કે આરોપીને વહેલી તકે ફાંસીની સજા થાય. આ કેન્ડલ માર્ચ થકી સુરત રબારી સમાજે મૃતકોના પરિવારને સાંત્વના પાઠવી હતી અને રાજ્ય સરકાર તથા ન્યાયતંત્રને આ કેસમાં ઝડપી અને કડક કાર્યવાહી કરવા માટે અપીલ કરી હતી.